RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 54* Date: 20.12.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ઓમિક્રોનના વધતા કેસ વચ્ચે

## દેશમાં કોરોનાના ૭,૦૮૧ નવા કેસ, ૨૪ કલાકમાં ૨૬૪ના મૃત્યું થયા



નવીદિલ્હી,તા.૧૯

દેશમાં કોરોના વાયરસના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર, રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં ૭ હજાર ૮૧ નવા કેસ મળી આવ્યા છે. તો ૭ હજાર ૪૬૯ લોકો સાજા થયા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૨૬૪ લોકોના મોત પણ થયા છે. હાલમાં દેશમાં ૮૩ હજાર ૯૧૩ કેસ એક્ટિવ છે જ્યારે ૩ કરોડ ૪૧ લાખ ૭૮ હજાર ૯૪૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. તો અત્યાર સુધીમાં ૪ લાખ ૭૭ હજાર ૪૨૨ દર્દીઓના મોત થયા છે. તો રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૧ અબજ ૩૭ કરોડ ૪૬ લાખ ૧૩ હજાર ૨૫૨ ડોઝ આપવામાં આવ્યા છે જેમાંથી ૭૬ લાખ ૫૪ હજાર ૪૬૬ ડોઝ શનિવારે આપવામાં આવ્યા.

નવા કેસ મળ્યા બાદ કુલ કેસની સંખ્યા ૩ કરોડ ૪૭ લાખ ૪૦ હજાર ૨૭૫ થઈ ગઈ છે, જ્યારે એક્ટિવ કેસમાં ૬૫૨ કેસનો ઘટાડો થયો છે.આઈસીએમઆરએ કહ્યું કે અત્યાર સુધીમાં ૬૬ કરોડ ૪૧ લાખ ૯ હજાર ૩૬૫ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાંથી ૧૨ લાખ ૧૧ હજાર ૯૭૭ સેમ્પલ્સનું પરીક્ષણ શનિવારે થયું.

ભારતમાં કોરોના વાયરસના વેરિઅન્ટ ઓમિક્રોનથી સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા શનિવારે વધીને ૧૩૮ થઈ ગઈ છે. તેલંગાણાથી ૧૨ કેસ, કર્ણાટકથી છ, કેરળથી ચાર, જ્યારે મહારાષ્ટ્રમાં વધુ ત્રણ દર્દીઓમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે. કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહારાષ્ટ્ર (૪૩), દિલ્હી (૨૨), રાજસ્થાન (૧૭) અને કર્ણાટક (૧૪), તેલંગાણા (૨૦), ગુજરાત (૭), કેરળ (૧૧) છે. આંધ્રપ્રદેશ (૧), ચંદીગઢ (૧), તમિલનાડુ (૧) અને પશ્ચિમ બંગાળ (૧)માં ઓમિક્રોન કેસ નોંધાયા છે.

તેલંગાણામાં ઓમિક્રોનના વધુ ૧૨ નવા કેસ સાથે નવા વેરિઅન્ટથી સંક્રમિતોની સંખ્યા વધીને ૨૦ થઈ ગઈ છે. તેલંગાણાના આરોગ્ય વિભાગના એક બુલેટિનમાં જણાવાયું છે કે ૧૨ નવા દર્દીઓમાંથી બે કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલ 'હાઈ રિસ્ક દેશો'માંથી આવ્યા હતા જ્યારે ૧૦ લોકો અન્ય દેશોમાંથી આવ્યા હતા. ત્રણ દર્દીઓના સેમ્પલના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.કર્ણાટકમાં ઓમિક્રોન વેરિઅન્ટના વધુ છ કેસ નોંધાયા છે.

સંક્રમણના છ કેસોમાંથી પાંચ કેસ દક્ષિણ કન્નડ જિલ્લાની બે શૈક્ષણિક સંસ્થાઓમાં નોંધાયા હતા. હવે રાજ્યમાં ઓમિક્રોન કેસની સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે.કર્ણાટકના આરોગ્ય મંત્રી કે. સુધાકરે ટ્વિટ કર્યું, 'આજે દક્ષિણ કન્નડમાં બે શૈક્ષણિક સંસ્થાઓમાં કોવિડના બે ક્લસ્ટર નોંધાયા છે: ક્લસ્ટર એક: ૧૪ કેસ (જેમાંથી ચાર ઓમિક્રોનના છે). ક્લસ્ટર બે: ૧૯ કેસ (એક ઓમિક્રોનનો છે). બ્રિટનનો એક પ્રવાસી પણ ઓમિક્રોનથી સંક્રમિત જોવા મળ્યો છે.

કેરળમાં ઓમિક્રોન સંક્રમણના વધુ ચાર કેસ નોંધાયા પછી કુલ સંખ્યા વધીને ૧૧ થઈ ગઈ છે. તિરુવનંતપુરમમાં બે લોકો કોરોના વાયરસના આ વેરિઅન્ટથી સંક્રમિત જોવા મળ્યા હતા. તેમાંથી એકની ઉંમર ૧૭ વર્ષ અને બીજાની ૪૪ વર્ષ છે.મલપ્પુરમમાં ૩૭ વર્ષીય વ્યક્તિ સંક્રમિત જોવા મળ્યો હતો જ્યારે ૪૯ વર્ષીય વ્યક્તિ ત્રિશૂરમાં સંક્રમણગ્રસ્ત મળી આવ્યો હતો. કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે એક રિલીઝમાં જણાવ્યું હતું કે, 'તિરુવનંતપુરમમાં સંક્રમિત થયેલ ૧૭ વર્ષીય વ્યક્તિ બ્રિટનથી આવ્યો હતો, જ્યારે ૪૪ વર્ષીય વ્યક્તિ ચાર્ટર્ડ ફ્લાઇટ દ્વારા ટ્યુનિશિયાથી આવ્યો હતો. મલપ્પુરમમાં મળેલો દર્દી તાન્ઝાનિયાથી આવ્યો હતો, જ્યારે ત્રિશૂરનો વતની કેન્યાથી આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે યુગાન્ડાથી પશ્ચિમ મહારાષ્ટ્રના સતારા પરત ફરેલા પતિ-પત્ની અને તેમની ૧૩ વર્ષની પુત્રી કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટથી સંક્રમિત મળી આવ્યા છે. મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે દંપતીની પાંચ વર્ષની અન્ય એક પુત્રી કોરોના વાયરસથી સંક્રમિત મળી આવી છે, પરંતુ તેનામાં ઓમિક્રોન સંક્રમણ જોવા મળ્યું નથી. ચારેય લોકો ૯ ડિસેમ્બરે આફ્રિકન દેશ યુગાન્ડાથી સતારા જિલ્લાના ફલટન પરત ફર્યા હતા. ઓમિક્રોનના પ્રકોપને પગલે જિલ્લા અધિકારીઓએ તેમને શોધીને તેમનું આરટી પીસીઆર પરીક્ષણ કરાવ્યું.સિવિલ સર્જન ડૉ. સુભાષ ચૌહાણે જણાવ્યું કે ૩૫ વર્ષીય પતિ, ૩૩ વર્ષીય પત્ની અને તેમની ૧૩ વર્ષની પુત્રી કોરોના વાયરસથી સંક્રમિત હતા, જ્યારે નાની પુત્રીનો રિપોર્ટ સ્પષ્ટ નથી.

## શ્રીનગરમાં સુરક્ષાકર્મીઓએ એક્કાઉન્ટરમાં એક આતંકીનો ઠાર કર્યો

શ્રીનગર,તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સામે સુરક્ષા જવાનોને મોટી સફળતા મળી છે. શ્રીનગરમાં સુરક્ષા જવાનોએ એક આતંકીને ઠાર કર્યો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, માર્યા ગયેલા આતંકીની ઓળખ લશ્કરનાં આતંકી તરીકે થઈ છે. આજે (રવિવારે) વહેલી સવારે એક્કાઉન્ટર શરૂ થયું હતું અને થોડી જ વારમાં સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો.

રવિવારે સવારે જમ્મુ-કાશ્મીરનાં હરવાના વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણનાં સમાચાર સામે આવ્યા હતા. જેમાં સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર માર્યો હતો. જો કે હજુ સુધી તે આતંકીનાં નામ કે ઓળખ વિશે કોઈ માહિતી સામે આવી નથી. પરંતુ ઓળખ પર ચોક્કસપણે જાણવા મળ્યું કે માર્યો ગયો આતંકવાદી આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો સભ્ય છે. આ એક્કાઉન્ટર રવિવારે વહેલી સવારે થયું હતું. પોલીસે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી વિશે ચોક્કસ માહિતીને પગલે સુરક્ષા દળોએ હરવાનામાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું ત્યારે અથડામણ શરૂ થઈ હતી.

પોલીસે કહ્યુ કે, માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ અને તે જે સંગઠન સાથે સંકળાયેલો હતો તેની ઓળખ કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, બે દિવસ પહેલા કુલગામમાં આતંકવાદીઓ માર્યા ગયા હતા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે જમ્મુ અને કાશ્મીરમાં ભૂતકાળમાં ઘણા આતંકવાદી હુમલા થયા છે, જેનો સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો. બે દિવસ પહેલા એટલે કે ગુરુવારે કુલગામ જિલ્લામાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસે કહ્યું છે કે, સુરક્ષા દળોએ બુધવારે રાત્રે કુલગામ જિલ્લાનાં રેડવાની વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. તેણે કહ્યું કે, આ દરમિયાન આતંકીઓએ તેના પર ગોળીબાર કર્યો, જેના પર સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને એક્કાઉન્ટર પણ શરૂ થઈ ગયું.

### ૨૦૨૪માં ફરીથી ખેલા હોબે

## સમગ્ર ભારતમાં ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપ પરાજીત થશે : મમતા બેનર્જી

**કોલકતા**,તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨૦૨૪ની સામાન્ય ચુંટણી માટે વિરોધ પક્ષોને એક કરવામાં લાગ્યા છે.પશ્ચિમ બંગાળમાં આ વર્ષ પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં કાબેલ થયા બાદ હવે ભાજપની વિરૂધ્ધ વિરોધ પક્ષોને એક કરી રહ્યાં છે તેને લઇ મમતા બેનર્જી ખુદ અનેક રાજ્યોનો પ્રવાસ કરી રહ્યાં છે.આ દરમિયાન મમતાએ દાવો કર્યો કે ૨૦૨૪ની સામાન્ય ચુંટણીમાં ખેલા હોબેનો જુમલો જ ચાલશે.સમગ્ર ભારતમાં ભાજપનું પત્તુ સાફ થઇ જશે તેમણે કહ્યું કે ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપને દેશભરમાં હાર થાય તેવું ઈચ્છું છું.ફરીથી ખેલા હોબે થશે



મમતા બેનર્જીએ દાવો કર્યો કે ભાજપ ૨૦૨૪માં યોજનાર આગામી લોકસભા ચુંટણીમાં હારી જશે આ પહેલા આગામી વર્ષ પાંચ રાજ્યોમાં યોજનાર વિધાનસભા ચુંટણીઓમાં પણ તેની હાર નિશ્ચિત છે. તેમણે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચર્ચા કરતા ટીએમસીની જીતનો દાવો કરતા કહ્યું કે ભગવા પાર્ટી રાષ્ટ્રીય સ્તર પર હારી જશે તેમણે કહ્યું કે વિધાનસભા ચુંટણી દરમિયાન અમે રાજ્યમાં ભાજપનું ચલાવવામાં આવેલ અભિયાન જોયું દરેક કોઇ તેનાથી ગભરાયેલ હતું પરંતુ બંગાલના લોકોએ તેને હરાવી દીધી બંગાળ સાંપ્રદાયિક સદ્ભાવની જગ્યા છે. તેમણે કહ્યું હતું કે ગોવા ઉપરાંત પાર્ટીનું ધ્યાન ત્રિપુરામાં પણ છે. કારણ કે ગોવામાં ૨૦૨૨માં તો ત્રિપુરામાં ૨૦૨૩માં વિધાનસભા ચુંટણી થનાર છે.તેઓ ગોવાનો પ્રવાસ પણ કરી ચુકયા છે.

ટીએમસી સુપ્રીમોએ ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં બંગાળ જેવી પ્રચંડ જીતનો દાવો કરતા કહ્યું કે બંગાળ આજે જે વિચારે છે તે કાલે ભારતનો વિચાર હશે અમે ૨૦૨૪ની લોકસભા ચુંટણીઓમાં ભાજપને હરાવી દઈશું આ તેવી જ રીતે હશે જેવું રીતે ગત વિધાનસભા ચુંટણીમાં થયું હતું. ત્રીજીવાર સત્તામાં કાબેલ થયા બાદ ટીએમસી સુપ્રીમો સમગ્ર ભારતમાં ભાજપની વિરૂધ્ધ વિરોધ પક્ષોને એક કરવામાં લાગ્યા છે જો કે તેમણે કોંગ્રેસને લઇ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી.

## માઉન્ટ આબુમાં ઠંડીની થર્ડ ડિગ્રી, ગુરુશિખર પર માઈનસ ૫ ડિગ્રી તાપમાન

ઉત્તર પૂર્વીય પવનોના કારણે રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં થર્ડ ડિગ્રીની ઠંડી પડી રહી છે. આજે માઉન્ટ આબુમાં માઈનસ ૩ અને ગુરુશિખર પર માઈનસ ૫ ડીગ્રી તાપમાન નોંધાતા સહેલાણીઓ પણ ધ્રુજી ઉઠયા હતા. લોકોએ મોઢામાંથી ધુમાડા કાઢીને ઠંડીનો રોમાંચક અહેસાસ કર્યો હતો.

છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની અસર અન્ય રાજ્યમાં જોવા મળી રહી છે. જેમાં ગુજરાતીઓના મનપસંદ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં કડકડતી ઠંડી પડી હતી. જેમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૩ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનનો પારો ગગડ્યા બાદ મેદાની વિસ્તારોમાં ચારેબાજુ બરફ જોવા મળ્યો હતો. ઘરોની બહાર રાખવામાં આવેલ પાણી પણ થીજી ગયું હતું. ડુંગરાળ વિસ્તારોમાં વહેતા નાળાઓમાં પણ થીજી ગયા હતા. હોટલ અને ઘરો પર લગાવવામાં આવેલ સોલાર હિટરની પાઈપોમાં પણ પાણી જામી ગયું હતું. આ વર્ષે શિયાળામાં પ્રથમવાર આવી કડકડતી ઠંડીના કારણે બાળકો અને વૃદ્ધોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો બોનફાયર પ્રગટાવીને શિયાળાથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ માઉન્ટ આબુ પહોંચેલા પ્રવાસીઓ પણ આ સિઝનની મજા માણી રહ્યા છે. વહેલી સવારે નકીલેક ફરવા નીકળેલા પ્રવાસીઓ ચાની ચુસ્કીઓ લઈને ઠંડીને દૂર કરતા જોવા મળ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી માઉન્ટ આબુમાં ઠંડીનો જોરદાર પ્રકોપ જોવા મળી રહ્યો છે. સિઝનની સૌથી વધુ ઠંડી રાતે અને સવારે હતી. અસહ્ય ઠંડીના કારણે લોકોનું જનજીવન પ્રભાવિત થયું હતું. કચ્છના અબડાસા તાલુકાનું નલિયા રાજ્યમાં સૌથી ઠંડું શહેર બન્યું છે. ૧૭ અને ૧૮ ડિસેમ્બરની વચ્ચેની રાત્રે નલિયામાં ૨.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ગત વર્ષના ડિસેમ્બર મહિનામાં સૌથી નીચું તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયું હતું જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી નીચું હતું. કોલ્ડ વેવની આગાહીના એક દિવસ બાદ જ નલિયામાં ૩.૮ ડિગ્રી નોંધાઈ હતી. ત્યારબાદ એક દિવસ તાપમાનમાં થોડો વધારો નોંધાઈ પારો ૫.૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો અને તેના બીજા જ દિવસે ૨.૫ ડિગ્રી સુધી પડ્યો હતો.

## પીએમ મોદીએ પણજીના આઝાદ મેદાન ખાતે શહીદ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી

પણજી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગોવાના પ્રવાસે છે. પણજી એરપોર્ટ પર ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે તેમનું સ્વાગત કર્યું હતું. પીએમ મોદી અહીં ગોવા મુક્તિ દિવસની ઉજવણીમાં હાજરી આપી રહ્યા છે. તેમણે સેલ પરેડ અને ફ્લાયપાસ્ટમાં ભાગ લીધો હતો. આ પહેલા પીએમ મોદીએ પણજીના આઝાદ મેદાન ખાતે શહીદ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાન આ સમારોહમાં સ્વતંત્રતા સેનાનીઓ અને 'ઓપરેશન વિજય'ના યોદ્ધાઓનું પણ સન્માન કરશે. પોર્ટુગીઝ શાસનમાંથી ગોવાને મુક્ત કરાવનાર ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન વિજય'ની સફળતાને ચિહ્નિત કરવા દર વર્ષે ૧૯ ડિસેમ્બરે ગોવા મુક્તિ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત, વડાપ્રધાન સુધારેલ ફોર્ટ અગૌડા જેલ મ્યુઝિયમ, ગોવા મેડિકલ કોલેજમાં સુપર સ્પેશિયાલિટી બ્લોક, ન્યૂ સાઉથ ગોવા ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, મોપા એરપોર્ટ પર એવિએશન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને ડાવોર્લિમ-નવેલિમ ખાતે ગેસ ઈન્સ્યુલેટેડ સબ-સ્ટેશન સહિત અનેક વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. , માર્ગો. શ્રી મોદી ગોવામાં ભારતીય આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી ફોર લીગલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઓફ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો શિલાન્યાસ પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગોવામાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ટ્રસ્ટની ઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ઓફ લીગલ એજ્યુકેશન એન્ડ રિસર્ચનો શિલાન્યાસ કરશે. આ ઉપરાંત પીએમ મોદી નવીનીકરણ કરાયેલ અગૌડા જેલ મ્યુઝિયમ તેમજ તબીબી સુવિધાઓ માટે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે. જેના કારણે ગોવાના લોકોને મેડિકલ સુવિધાઓ માટે બહાર નહીં જવું પડે. આ ઉપરાંત મેડિકલ કોલેજનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે. જેથી કરીને કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે વિદેશ જવું ન પડે અને તેઓ ઓછા ખર્ચે ગોવામાં સારું શિક્ષણ મેળવી શકે.૧૯ ડિસેમ્બરે, ભારતીય લડવૈયાઓએ ગોવાને પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત કરવા માટે ઓપરેશન વિક્ટરી નામનું ઓપરેશન શરૂ કર્યું.

## યોગી સરકારના મંત્રી મોહસિન રજા બોલ્યા- 'મારાથી મોટું હિન્દુત્વવાદી કોઈ નથી'

નવી દિલ્હી,તા.૧૯

ઉત્તર પ્રદેશ સરકારમાં અલ્પસંખ્યક મંત્રી મોહસિન રજાએ કહ્યું હતું કે, તેઓ મુસ્લિમ સમાજમાંથી આવે છે પરંતુ તેમના કરતાં મોટું હિંદુત્વવાદી કોઈ નથી. એક ખાનગી કાર્યક્રમ માટે ઉન્નાવ પહોંચેલા મોહસિન રજાએ કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા હિંદુ અને હિંદુત્વવાદી શબ્દો પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'મોહસિન રજા હિંદુત્વવાદી છે, હિંદુસ્તાનમાં રહે છે, હિંદુત્વવાદી છે.' તેમણે કહ્યું કે, એ જ હિંદુત્વવાદી હશે જે હિંદુ સંસ્કૃતિમાં જીવ્યો હશે, હિંદુ સંસ્કૃતિ, સનાતન સંસ્કૃતિને માનતો હશે, હું મુસ્લિમ સમાજમાંથી આવું છું, મારાથી મોટું હિંદુત્વવાદી કોઈ નથી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી છેલ્લા કેટલાક દિવસોથી પોતાની તમામ રેલીઓમાં હિંદુ અને હિંદુત્વવાદીનો તફાવત સમજાવી રહ્યા છે. રાહુલે શનિવારે અમેઠી ખાતે કહ્યું હતું કે, હિંદુ સત્ય માટે લડે છે જ્યારે હિંદુત્વવાદી નફરત ફેલાવે છે. તેમણે મહાત્મા ગાંધીને હિંદુ અને નાથૂરામ ગોડસેને હિંદુત્વવાદી કહ્યા હતા. મોહસિન રજાએ તેમના આ નિવેદન અંગે પ્રતિક્રિયા આપી છે.

મોહસિન રજાએ જણાવ્યું કે, જો આપણે સર્વ સમાજને લઈને ચાલવું છે તો આપણે હિંદુત્વવાદી બનવું જોઈએ કારણ કે, હિંદુત્વવાદી એ જ હશે જે હિંદુ સંસ્કૃતિમાં જીવ્યો હશે. હિંદુ સંસ્કૃતિ અને હવે સનાતન સંસ્કૃતિને માનતો હશે. મોહસિન રજાએ જણાવ્યું કે, રાહુલ ગાંધીને એ જ નથી ખબર કે, આપણી સંસ્કૃતિ હિંદુ છે. એક-એક વ્યક્તિ જે આ સંસ્કૃતિમાં જીવી રહી છે તે હિંદુત્વવાદી જ હશે.

## ભાજપના શાસનમાં મુસ્લિમો ક્યારેય સુરક્ષિત નહી રહે : ઓવૈસી

નવીદિલ્હી,તા.૧૯

મહાસમરના આરે ઉભેલા ઉત્તર પ્રદેશમાં હવે ચૂંટણી પ્રચાર તેજ થઈ રહ્યો છે. સત્તાધારી ભાજપ વિકાસ કામોના નામે ફરી સરકાર બનાવવાનો દાવો કરી રહી છે, ત્યારે વિપક્ષની સમાજવાદી પાર્ટી યોગી સરકારને મહિલા અપરાધ અને દલિત અત્યાચારને લઈને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. જે દરમિયાન ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પ્રથમ વાર ઝંપલાવનારી છૈસૈસ્ના વડા અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં મુસ્લિમો ક્યારેય સુરક્ષિત રહેશે નહીં. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. તમામ રાજકીય પક્ષો રેલીઓ, ઉદ્ઘાટન અને વિરોધીઓ પર કટાક્ષ કરવા સાથે મતદારોનેરિઝવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણી પહેલા, ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીનના વડા અસદુદ્દીન ઓવૈસી પણ ઉત્તર પ્રદેશમાંસક્રિય થઈ ગયા છે. તેમણે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં પ્રચારની કમાન સંભાળી છે. ઓવૈસીએ જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં મુસ્લિમો ક્યારેય સુરક્ષિત નહી રહે. ભાજપના કારણે મુસ્લિમોને શંકાની નજરેજોવામાં આવે છે. ભાજપ મુસ્લિમ લોકોના ધંધાને સંપૂર્ણપણે બરબાદ કરી રહી છે. સબકા સાથ, સબકા વિકાસનું સૂત્ર માત્ર દેખાડો છે. એઆઈએમઆઈએમ ૧૦૦ સીટ પર ચૂંટણી લડશે આ પહેલા પશ્ચિમી ઉત્તર પ્રદેશના મેરઠમાં એક જનસભાને સંબોધતા ઓવૈસીએ જણાવ્યું હતું કે, હું તમને પૂછવા માંગુ છું કે મુસ્લિમો ક્યારે જાગશે? હું તમને બધાનેઅપીલ કરું છું કે, ઉત્તર પ્રદેશના ૧૯ ટકા મુસ્લિમોને આપણા યુવાનો માટે સન્માન, શિક્ષણ, સમાન ભાગીદારી અને તકો મેળવવા માટે તમારી રાજકીય તાકાત, નેતૃત્વઅને ભાગીદારીની જરૂર છે.

## તંત્રી સ્થાનેથી...

# સિતારા સંસ્કૃતિનો મિથકીય મોહપાશ

*લોકોને સેલિબ્રિટીઓ એટલે કે સિતારાઓ વિશે જાણવાની દિલચસ્પી એટલી હદે હોય છે, ખાસ કરીને તેમનો પ્રેમ અને રોમાન્સ! બેશક, આ સિતારા-સંસ્કૃતિ આપણને એવા મિથકીય સંસારમાં લઈ જાય છે, જેમાં નયનરમ્ય દૃશ્ય, ગ્લેમર, પૈસા, પ્રતિષ્ઠા, બનતા-બગડતા સંબંધોની ‘ચાટ’ હોય અને આપણે - જેઓ અજાણ/નામ વગરના છીએ - તેમની પરીલોક જેવી કથાથી વિસ્મૃત થતા રહીએ છીએ, ચટપટી વાર્તાઓ વાંચીને-કહીને રસ લઈએ છીએ. હાલમાં જ કેટરીના કૈફ અને વિકી કૌશલની મોહક જોડી વિશે નિરંતર જિજ્ઞાસા જોવા મળી. લોકો રાજસ્થાનના બરવાડામાં સિક્સ સેન્સિસ નામના કિલ્લામાં સંપન્ન થયેલ આ ભવ્ય લગ્ન વિશે જાણવા ઉત્સુક રહ્યા. સમારોહની ભવ્યતા અને અંદરનાં દૃશ્યો વિશે જાણવાની લોકોની આ પ્રબળ ઉત્કંઠાને પૂરી કરવા માટે અસંખ્ય મીડિયા હાઉસ પણ તત્પરતાથી મચી પડ્યા. તેથી તેઓ જ્યારે કહે છે - ‘જુઓ, અમારી પાસે છે ગેલરીમાં હાથમાં હાથ નાખીને ફરતા નવદંપતિની પહેલી તસવીર...’ તો લોકો બહુ દિલચસ્પીથી તેને હાથોહાથ વધાવી લે છે. આપણને કહેવામાં આવ્યું કે કેટરીનાનાં લગ્નની વીંટી પ્રિન્સેસ ડાયેના દ્વારા પહેરેલી મશહૂર પોખરાજની વીંટી જેવી છે. એ ‘રહસ્યોદ્ઘાટન’ પણ કરવામાં આવ્યાં - જુહૂના ‘લવનેસ્ટ’ને સજાવવામાં ૫૦ કારીગરો દિવસ-રાત એક કરી રહ્યા છે, કેટરીનાનો દુલ્હનવાળો લાલ લહેંગો કેવો છે કે પછી સંગીત સંધ્યામાં પાંચ સ્તરોવાળી કેક હતી કે પછી ૨૦ કિલો જૈવિક મહેંદી લગ્નમાં વપરાઈ ગઈ - જી હા, આ તમામ આયોજન કરણ જૌહરની કોઈ બ્લોકબસ્ટર ફિલ્મ જેવું જ છે! આ સાક્ષાત પરીકથાનું રસાસ્વાદન છોડી દેવાનું ભલા કોને ગમે?*

*આ સિતારા સંસ્કૃતિ આપણને કેમ આટલી લલચાવે છે? શું આ કોઈ પ્રકારનું પલાયન છે કે આપણી રોજિંદા જિંદગીની કડવાશોમાંથી થોડી પળો માટે તો થોડી, ધ્યાન ભટકાવવામાં રાહતભર્યો અહેસાસ છે? એક સરકારી ઓફિસમાં પોતાના અધિકારી દ્વારા સતત અપમાનિત થતો કોઈ બાબુ, ભીડભાડવાળી બેંકનો કેશિયર, રોજિંદા ઘરગથ્થુ કામો-સફાઈ, રાંધવાથી ભારે થાકેલી-કંટાળેલી ગૃહિણી, પોતાનાં લગ્નમાં સુંદર દેખાવાની ચાહત લઈને વારંવાર બ્યૂટી પાર્લરની મુલાકાત લેતી મધ્યમવર્ગીય યુવા છોકરી, સંઘર્ષ કરતો યુવાન જેની પાસે ઢંગની નોકરી નથી - જી હા, આપણામાંથી આ લોકોને લાગે છે કે રોજિંદી જિંદગી પોતાનું આકર્ષણ ગુમાવી ચૂકી છે, આલ્બર્ટ કેમસના શબ્દોમાં કહીએ તો ‘નીરસ.’*

*કદાચ સિતારા-સંસ્કૃતિનું અવલોકન કરવું એક ઉત્તેજના, શારીરિક અને માનસિક સનસનાટી ભરેલી ફિલ્મ છે, જે આપણને આપણી એકરસતામાંથી થોડો સમય છૂટકારો અપાવવામાં મદદ કરે છે કે પછી દબાયેલી ઇચ્છાની પૂર્તિ કરે છે? શું આ એ ઇચ્છા છે, જે મુંબઈની કોલેજ જનારી નિમ્ન મધ્યમવર્ગીય છોકરી મનમાં કેટરીના જેવો ભવ્ય લહેંગો પહેરવાની રાખે છે? શું આ કોલકાતાની ભીડભરી લોકલ ટ્રેનમાં સફર કરનારા આમ આદમીની સોનેરી કલ્પના છે, જેમાં ખુદને સિંગીની સાથે માલદીવના સમુદ્ર તટો પર રોમાંસ કરતાં જુએ છે? શું આપણે પણ અનુષ્કા શર્મા-વિરાટ કોહલીની જેમ ફેસબુક પર પોતાના ‘સદાબહાર અને વૈભવશાળી’ પ્રેમનો ઇજહાર કરતી પોસ્ટ મૂકવાની લાલસા નથી ધરાવતા?*

## ગુજરાત રાજ્યના ગ્રામ પંચાયતની ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન થયું

# ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ ૬૦ ટકા મતદાન

ગાંધીનગર,તા.૧૯

આજે રાજ્યની ૮૬૮૪ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઇ છે. આ ગ્રામ પંચાયતોમાં ૮૫૬૦ સરપંચ પદ માટે કુલ ૨૭ હજાર ૨૦૦ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઇ રહ્યો છે. જ્યારે ૫૩ હજાર ૫૦૭ સભ્યો ચૂંટવા માટે ૧ લાખ ૧૯ હજાર ૯૯૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાઇ રહ્યો છે. ચૂંટણી દરમિયાન શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે ૮૬૬૪ ગ્રામ પંચાયતોમાં કુલ ૫૧ હજાર ૭૪૭ પોલીસ જવાનો સુરક્ષા બંદોબસ્તમાં ગોઠવાયા છે. મતદાન પ્રક્રિયા માટે ૨,૫૪૬ ચૂંટણી અધિકારીઓ, ૨,૮૨૭ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને ૧ લાખ ૩૭ હજાર ૪૬૬ પોલીંગ સ્ટાફ ફરજ પર હાજર છે. ગ્રામ પંચાયતની ચૂંટણીઓ માટે કુલ ૨૩ હજાર ૯૦૭ મતદાન મથકો ઉભા કરવામા આવશે. જેમાં ૬ હજાર ૬૫૬ મતદાન મથકો સંવેદનશીલ અને ૩૦૭૪ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરવામા આવ્યા છે. ૮૬૮૪ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે કુલ ૧ કરોડ ૮૨ લાખ ૧૫ હજાર ૦૧૩ મતદારો મત્તાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૯૩ લાખ ૬૯ હજાર ૨૦૨ પુરુષ મતદાર છે, જ્યારે ૮૮ લાખ ૪૫ હજાર ૮૧૧ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાઇ છે. બપોરે ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ ૬૦ટકા મતદાન નોંધાઈ ચૂક્યું છે. દક્ષિણ ગુજરાતમાં ૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૨ ટકા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૬૦ ટકા, મધ્ય ગુજરાતમાં ૫૮ ટકા મતદાન થયું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે થઇ રહેલા મતદાનમાં ક્યાંક નાના મોટા વિવાદ અને ઘર્ષણ પણ થયા છે. તો ક્યાંક આચારસંહિતાનો ભંગની ફરિયાદ પણ થઈ છે. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે પોલીસ અધિકારીઓ પોલીસ જવાનો અને હોમગાર્ડ સહિતના સ્ટાફનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જ્યારે અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો પર પોલીસ દ્વારા રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય એ માટે તંત્ર સજ્જ થયું છે. નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના બોગજ ગામમાં પંચાયતની ચૂંટણી દરમિયાન આજે ભાજપ અને બીટીપીના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થઈ હતી. મારમારીમાં ભરૂચના સાંસદ સહિત ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. નવસારીના ગણદેવી તાલુકાના કછોલી ગામમાં ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર ૭ અને વોર્ડ નંબર ૮માં બેલેટ પેપર બદલાઈ જતા મતદારોએ હોબાળો મચાવ્યો હતો. વોર્ડ નંબર ૭ના બેલેટ પેપર વોર્ડ નંબર ૮માં અને વોર્ડ નંબર ૮ના બેલેટ પેપર વોર્ડ નંબર ૭માં આપી દેવાતા મતદારો મૂંઝવણમાં મુકાયા હતા. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામની અક્ષરધામ સોસાયટીમાં મતદાન દરમિયાન ઘર્ષણ સર્જાતા પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી મામલો થાળે પાડ્યો હતો.

મતદાન મથકની બહાર બબાલ થતા લોકોના ટોળા એકઠા થતા પોલીસે વિખેર્યા હતા. આણંદના લાંભવેલ ગ્રામ પંચાયત ચૂંટણીમાં મતદારોનો ધસારો સતત વધતા મતદારોની લાંબી કતારો થઈ હતી.એક તરફ વધુ ઝડપી મતદાન કરી મતદાર પોતાની ફરજ પુરી કરવા માંગતા હતા ત્યાં જ પોલિંગ બુથ સ્ટાફના તમામ કર્મચારીઓએ અચાનક રિસેસ પાડી દેતા મતદાન બંધ થઈ ગયું હતું. જેને લઈ ભારે હોબાળો મચ્યો હતો.ઉમેદવારો અને મતદારોમાં પણ ભારે રોષ પ્રવર્તતા અને તે અંગે ઝોનલ ઓફિસરને રજૂઆતો થતા તે દોડી આવ્યા હતા.આ મામલે માફી માંગી મામલો થાળે પડ્યો હતો. રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં ૩૬૧ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આજે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. તેની સાથે જિલ્લામાં સૌથી ઓછી વેકસીનેસન ની કામગીરી થઈ છે એ રાપર તાલુકાની ૪૪ ગ્રામ પંચાયત માટે ચાલતા મતદાન પ્રક્રિયા સાથે ૧૧૩ સ્થળે મતદાતાઓને ઇચ્છાનુસાર આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વિરુદ્ધની રસી મુકવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે. મોરબી જિલ્લાના અનેક ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાનની કતારો લાગી છે. ત્યારે મોરબીના શિવનગર ગામે ગ્રામજનોએ ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. કારણ કે ગ્રામજનોની માંગ છે કે, ગામમાં વિકાસના કાર્યો થાય તે માટે પંચાસર ગામથી અલગ ગ્રામ પંચાયત બનાવવામાં આવે.મોરબીના પંચાસર ગામની નજીક આવેલા શિવનગર ગામના લોકોએ ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો છે. ગામના એકપણ વ્યક્તિએ મતદાન મથકે જઈ મત આપ્યો નથી. કારણ કે ગામજનોની માંગ છે કે, અલગ ગ્રામ પંચાયત બનાવવામાં આવે. જેથી, ગામના કાર્યો સુચારુ રીતે થાય. આશરે ૫૭ વર્ષથી શિવનગર ગામ પંચાસર ગામથી અલગ થયેલી છે. પરંતુ હજુ સુધી તેમને ગ્રામ પંચાયત મળેલી નથી.

# કર્ણાટકમાં હવે ધર્મપરિવર્તન કરાવનારની ખેર નથી, કાયદો વધુ મજબૂત બનાવાશે

બેંગ્લુરૂ,તા.૧૯

કર્ણાટકની ભાજપ સરકાર વિધાનસભા સત્ર દરમિયાન ધર્માંતરણ વિરોધી કાયદો લાવવા જઈ રહી છે. ભાજપની બસવરાજ બોમાઈ સરકારે ધર્માંતરણ વિરોધી કાયદો વધુ કડક બનાવવાના સંકેત આપ્યા છે. બિલના નવા ડ્રાફ્ટમાં સજાની મુદત ત્રણ વર્ષથી વધારીને ૧૦ વર્ષ અને દંડની રકમ ૫૦ હજારથી વધારીને ૧ લાખ અને ૫ લાખ કરવામાં આવી શકે છે.

કર્ણાટક વિધાનસભા સત્ર દરમિયાન બસવરાજ બોમાઈ સરકાર ધર્માંતરણ વિરોધી કાયદાને વધુ કડક બનાવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયે સરકાર કર્ણાટક રાઈટ ટુ રિલિજિયન (અધિકારની સુરક્ષા) બિલ ૨૦૨૧ બિલ વિધાનસભાના ફ્લોર પર રજૂ કરી શકે છે. સરકારનું આ પગલું તાજેતરમાં હિંદુ ધર્મમાંથી ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તનના અહેવાલો વચ્ચે આવ્યું છે.

સત્તાધારી ભાજપ શિયાળુ સત્ર દરમિયાન કર્ણાટક વિધાનસભામાં બિલ રજૂ કરવા માટે દબાણ કરી રહી છે. રાજ્ય સરકારે સૂચિત કાયદાની કાયદેસરતા ચકાસવા માટે છેલ્લા કેટલાક દિવસોમાં ઘણી બેઠકો પણ યોજી છે. બુધવારે રાત્રે યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં ભાજપે નિર્ણય લીધો હતો કે સૂચિત બિલ વર્તમાન સત્ર દરમિયાન ગૃહમાં રજૂ કરવામાં આવશે.

આ બિલમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સગીર અને મહિલાઓને અન્ય ધર્મમાં બળજબરીથી ધર્માંતરણ કરાવવા માટે મહત્તમ ૧૦ વર્ષની જેલની સજાની જોગવાઈ છે. જનરલ કેટેગરીના લોકોના ધર્માંતરણ માટે ત્રણ વર્ષથી પાંચ વર્ષની જેલ અને ૨૫,૦૦૦ રૂપિયાના દંડની દરખાસ્ત કરવામાં આવી છે. જ્યારે સગીર, મહિલાઓ, એસસી અને એસટી સમુદાયના વ્યક્તિઓના ધર્મ પરિવર્તનના કેસમાં ત્રણથી દસ વર્ષની જેલ અને ૫૦,૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ નવા બિલમાં સમૂહમાં ધર્મ પરિવર્તન માટે દોષિતોને દસ વર્ષ સુધીની જેલ અને એક લાખ સુધીના દંડની સજા થશે. આ સિવાય બિલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સુનાવણી દરમિયાન કોર્ટ દોષિતો માટે દંડની રકમ એક લાખથી વધારીને પાંચ લાખ કરી શકે છે.

# ઓમિક્રોન વેરિઅન્ટ ૮૯ દેશોમાં ફેલાઈ રહ્યું છે, આવું રહેશે તો ત્રણ દિવસમાં બમણા કેસ આવશે:WHOની ચેતવણી

અમેરિકા,તા.૧૯

કોરોનાના ઓમિક્રોન વેરીએન્ટના સંક્રમિતમાં બે પાંચ દેશો નથી હવે તો કોરોનાના ઓમીક્રોન વાઈરસ થી ૮૯ દેશોમાં ફેલાયો છે. ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ચેતવણી છે કે જો આવી પરિસ્થિતિ જ રહેશે તો ઓમીક્રોનના કેસોમાં બમણો વધારો થઇ શકે છે. જ્યાં ઓમિક્રોન બ્રિટન અને અમેરિકામાં પરિસ્થિતિને બેકાબૂ બનાવી રહી છે. યુરોપમાં પ્રતિબંધો કડક કરવામાં આવ્યા છે. વિવિધ યુરોપિયન દેશો ઓમિક્રોનથી ઉદ્ભવતા કોવિડ-૧૯ના સંભવિત નવી લહેરને ટાળવાના પ્રયાસમાં કડક નિયંત્રણો લાદી રહ્યા છે. જેના કારણે પેરિસથી લઈને બાર્સેલોના સુધીના લોકોએ પણ વિરોધ શરૂ કરી દીધો છે. ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયાના મંત્રીઓ રોગચાળાના ઝડપી પ્રસારને કારણે એલર્ટ પર છે. અહીં યાત્રા પર પ્રતિબંધો કડક કરવામાં આવ્યા છે. ફ્રાન્સે નવા વર્ષના દિવસે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂક્યો છે. ડેનમાર્કમાં થિયેટર, કોન્સર્ટ હોલ, એમ્યુઝમેન્ટ પાર્ક અને મ્યુઝિયમ બંધ કરી દેવામાં આવ્યા છે. આયર્લેન્ડમાં, પબ અને બારમાં રાત્રે ૮ વાગ્યા પછી કર્ફ્યુ લાદવામાં આવી રહ્યો છે. ઉપરાંત, ઈન્ડોર અને આઉટડોર કાર્યક્રમોમાં લોકોની સંખ્યા મર્યાદિત કરવામાં આવી છે. અહીં લોકોને સંબોધતા વડાપ્રધાન માઈકલ માર્ટિને કહ્યું કે વાયરસથી લોકોના જીવન અને આજીવિકાને બચાવવા માટે નવા નિયંત્રણો લાદવામાં આવ્યા છે. અન્ય દેશો પણ આવું કરી શકે છે.

ડેનિશ સરકારના પ્રધાનો નિષ્ણાત સમિતિની સલાહ પર ચર્ચા કરવા માટે મળ્યા છે. સમિતિએ આંશિક લોકડાઉનની સ્થિતિને વધુ કડક બનાવવા જણાવ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું છે કે, કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટની સંખ્યા અત્યાર સુધીમાં ૮૯ પર પહોંચી ગઈ છે. સંસ્થાએ એ પણ ધ્યાન દોર્યું કે તે ડેલ્ટા વેરિઅન્ટ કરતાં તે સ્થળોએ ઝડપથી ફેલાય છે જ્યાં સમુદાય ટ્રાન્સમિશનનું સ્તર ઊંચું છે. દોઢથી ત્રણ દિવસમાં ઓમિક્રોનના કેસ બમણા થઈ રહ્યા છે. WHOના આ નિવેદન બાદથી વિશ્વભરમાં ઓમિક્રોન વિશે ચિંતા વધી ગઈ છે. યુનાઈટેડ નેશન્સ એજન્સીએ શુક્રવારે ઓમિક્રોન સાથે વ્યવહાર કરવાની તૈયારી અંગેનો અહેવાલ પણ બહાર પાડ્યો હતો. તેમણે કહ્યું કે, વર્તમાન ડેટાને જોતાં, એવી આશંકા છે કે ઓમિક્રોન તે સ્થાનો પર ડેલ્ટાને બદલશે જ્યાં સમુદાય સ્તરે ચેપ ફેલાઈ રહ્યો છે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૧૬ ડિસેમ્બર સુધીમાં ૮૯ દેશોમાં ઓમિક્રોનને શોધી કાઢવામાં આવ્યો છે. આ વેરિઅન્ટ વિશે જેટલો વધુ ડેટા ઉપલબ્ધ હશે, તેટલો જ વધુ જાણી શકાશે. યુકે સરકારે ઇમારતોની અંદર માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે. ઉપરાંત, લોકોએ મોટી ઈવેન્ટ્સ અને નાઈટ ક્લબમાં આવવા માટે રસીકરણના પુરાવા અને નેગેટિવ રિપોર્ટ દર્શાવવો જરૂરી છે. આ અઠવાડિયે દેશમાં દૈનિક કેસોમાં મોટો ઉછાળો આવ્યો છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે સરકારે હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંખ્યા ઘટાડવા માટે વધુ પગલાં લેવા પડશે. બ્રિટન અને અન્ય ઘણા દેશો કોરોના વાયરસના બૂસ્ટર ડોઝની રજૂઆતને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કારણ કે પ્રાથમિક ડેટા સૂચવે છે કે, ઓમિક્રોન વેરિઅન્ટ પર રસીના બે ડોઝ ઓછા અસરકારક છે. ઉૐએ કહ્યું કે, વર્તમાન ડેટા સૂચવે છે કે ઓમિક્રોન ડેલ્ટા વેરિઅન્ટ કરતાં વધુ ઝડપથી ફેલાય છે. તે ડેલ્ટા કરતા સમુદાયમાં ફેલાયેલા દેશોમાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેના કેસ દોઢથી ત્રણ દિવસમાં બમણા થઈ જાય છે.

# મારો ફોન રેકોર્ડ થઈ રહ્યો છે : અખિલેશ યાદવનો આરોપ

મૈનપુરી,તા.૧૯

મૈનપુરીમાં સમાજવાદી પાર્ટીના નેતા જૈનેન્દ્ર યાદવ, બિઝનેસમેન રાહુલ ભસીન અને મનોજ યાદવના ઘરે આવકવેરાના દરોડા પડ્યા છે. બીજા દિવસે પણ પાર્ટી સુપ્રીમો અખિલેશ યાદવે જીઁ નેતાઓ પર ઈક્મ ટેક્સના દરોડાને બદલો લેવાનું કૃત્ય ગણાવ્યું છે. અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સ કરીને ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું છે. રાજ્યના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યું કે ભાજપ જ્યાં ચૂંટણી હારે છે ત્યાં ઈડ઼ અને ઝૈંનો ઉપયોગ કરે છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. અખિલેશ યાદવે યોગી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. યુપી સરકાર પર સવાલો ઉઠાવતા તેમણે કહ્યું છે કે તેમના ફોન કોલ્સ સરકાર રેકોર્ડ કરી રહી છે. એસપી ઓફિસનો ફોન રેકોર્ડ કરવામાં આવી રહ્યો છે.

યોગી સરકાર પર નિશાન સાધતા અખિલેશ યાદવે કહ્યું કે ભાજપને ચૂંટણીમાં હારનો ડર છે. યોગી સરકાર ટકી શકશે નહી. યોગી સરકાર નકામી છે. તેઓએ ઉત્તર પ્રદેશને બરબાદ કરી દીધું છે. આખરે સરકાર તેમને કેમ બચાવી રહી છે, તેવો સવાલ ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેનીએ કર્યો છે. ભાજપ પણ કોંગ્રેસના માર્ગે ચાલી રહી છે.

# ભાજપ સાથે દોસ્તિનું ઔચિત્ય શું છે તે સાબિત કરવાનું અમરિદરને ભારે પડી શકે છે

,ચંડીગઢ,તા.૧૯

કોંગ્રેસ છોડયા બાદ કેપ્ટન અમરિંદર સિંહ પંજાબની રાજનીતિમાં એક નવી ઈનિંગ્સ શરૂ કરવાની તૈયારીમાં લાગ્યા છે.તેના માટે કેપ્ટન ભાજપ અને ટકસાલી અકાલીઓની સાથે ગઠબંધનના માર્ગ પર છે પરંતુ આ ગઠબંધનનો પંજાબના લોકોમાં સ્વીકાર્યતાનો માર્ગ ખુબ જ પડકાર ભર્યો રહેશે



પંજાબમાં કિસાનોની એક મોટી વોટ બેંક છે ઉપરથી કેપ્ટનની નવી પાર્ટીનું હાલ કોઇ સંગઠનાત્મક માળખુ નથી જયારે ચુંટણી નજીક છે.બીજીબાજુ ટકસાલી અકાલીઓનો પણ સંગરૂર સુધી જ આધાર માનવામાં આવી રહ્યો છે.ભલે જ ભાજપ રાષ્ટ્રીય પાર્ટી છએ પરંતુ તેનો પણ ફકત શહેરોમાં જ આધાર છે.ગામડાઓમાં ભાજપ નબળી માનવામાં આવે છે આજ કારણ છે કે અકાલી દળની સાથે ગઠબંધનના સમયે ભાજપે મોટાભાગે શહેરની બેઠકો પર જ ચુંટણી લડી હતી. આવામાં આ ગઠબંધન માટે નીચલા સ્તર સુધી મતદારો સુધી પહોંચવુ સરળ રહેશે નહીં

રાજનીતિક જાણકાર પંજાબી યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રો.જસવિંદર સિંહ બરાડના જણાવ્યા અનુસાર કેપ્ટનના કોંગ્રેસના મુખ્યમંત્રી તરીકે ગત સાડા ચાર વર્ષના કામકાજથી પંજાબના લોકો ખુશ નથી કેપ્ટને લોકોની આકાક્ષાઓ અને તેમને આપવામાં આવેલા વચનો પુરા કર્યા નથી ઉપરથી કેપ્ટનનું તે ભાજપની સાથે ગઠબંધન કરવું જે પાર્ટીએ કિસાનોને ખેતી કાનુનોના મુદ્દા પર વર્ષ સુધી દિલ્હી બોર્ડર પર બેસવા માટે મજબુત કર્યા આ દરમિયાન અનેક કિસાનોના મોત થયા છે.ભલે જ ચુંટણી પહેલા મોદી સરકારે ખેતી કાનુન પાછો લઈ મતદારોને પોતાના હકમાં કરવાનો પ્રયાસ કર્યો પરંતુ આમ છતાં આ ગઠબંધનનો લોકોની વચ્ચે લોકપ્રિય કરવા ભારે પડકાર સમાન બની રહેશે

પ્રો.બરાડનું કહેવું છે કે જો કેપ્ટન ચુંટણી પહેલા પંજાબ કે કિસાનો માટે કેન્દ્ર સરકારથી કોઇ મોટી જાહેરાત કરાવી દે તો તેનો લાભ ચુંટણીમાં ગઠબંધનને મળી શકે છે.તોમાં એમએસપીની કાનુની ગેરંટી અપાવવી કે વાઘા બોર્ડર ખોલવી મહત્વપૂર્ણ સાબિત થઇ શકે છે કારણ કે વાઘા બોર્ડર ખોલવાથી પંજાબના કિસાનોને પોતાના શાકભાજી અને ફળો વગેરે વેચવા માટે લાહૌર જેવી એક મોટી મંડી મળી શકે છે. જાણીતા રાજનીતિક પ્રો.ટિવાણાનું કહેવું છે કે કેપ્ટનને હજુ સુધી કોઇ વરિષ્ઠ નેતાનો સાથ મળ્યો નથી.આ સાથે કહ્યું કે તમામ પાસાઓને જોતા લાગે છે કે ગઠબંધન ભલે જ કેટલીક બેઠકો પર કોંગ્રેસને નુકસાન પહોંચાડી શકે પરંતુ તેની ખુદની જીતનો માર્ગ મુશ્કેલ હશે તેમાં ખેતી કાનુનનો મુદ્દો અને કેપ્ટનનો મુખ્યમંત્રીનો કાર્યકાળ મુખ્ય કારણ રહેશે

# ઉત્તરાખંડમાં ૨.૫૯ લાખ છાત્ર છાત્રાઓને ટેબલેટ મળશે નહીં,ખાતામાં પૈસા આપવામાં આવશે

## પ્રદેશ સરકાર તરફથી વિદ્યાલયો,મહાવિદ્યાલયો અને ઉત્તરાખંડ બોર્ડના ૧૦ અને ૧૨ના છાત્ર છાત્રાઓને ટેબલેટ આપવાની જાહેરાત કરાઈ હતી.

દહેરાદુન,તા.૧૯

પ્રદેશની તમામ મહાવિદ્યાલયો અને ઉત્તરાખંડ બોર્ડની ૧૧ અને ૧૨ના ૨ લાખ ૫૯ હજાર છાત્ર છાત્રાઓને હવે ટેબલેટ નહીં પરંતુ ટેબલેટના પૈસા આપવામાં આવશે.સુત્રોના જણાવ્યા અનુસાર સંબંધિત છાત્ર છાત્રાઓના ખાતામાં ડીબીટીના માધ્યમથી ૧૨ હજાર રૂપિયા મોકલવામાં આવશે.કહેવાય છે કે ટેબલેટ ખરીદની પ્રક્રિયા પર સવાલ ઉઠયા બાદ સરકાર તરફથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટુંક સમયમાં જ તેની જાહેરાત પણ થઈ શકે છે.પ્રદેશ સરકાર તરફથી વિદ્યાલયો,મહાવિદ્યાલયો અને ઉત્તરાખંડ બોર્ડના ૧૦ અને ૧૨ના છાત્ર છાત્રાઓને ટેબલેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.તેની ખરીદ માટે સરકાર તરફથી શાસન અને નિર્દેશાલય સ્તર પર કેટલાક અધિકારીઓની કમિટિ બનાવવામાં આવી હતી નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ કમિટી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષાના છાત્ર છાત્રાઓ માટે ટેબલેટ ખરીદશે. શાસન અને નિર્દેશાલય સ્તરના અધિકારીઓની આ કમીટી તરફથી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતાં.કેટલીક ફર્મોએ ટેન્ડર ભર્યા પરંતુ ૩૦૦ કરોડથી પણ વધુની કિમતથી ટેબલેટ ખરીદમાં શરૂથી જ મોટા કૌભાંડની આશંકા વ્યકત કરવામાં આવી રહી હતી ચુંટણી વર્ષ અને તાજેતરમાં વિધાનસભામાં ઉઠાવવામાં આવેલ સવાલોને ધ્યાનમાં રાખી સરકારે હવે છાત્ર છાત્રાઓને ટેબલેટ ખરીદ કરી આપવાની જગ્યાએ તેની રકમ ડીબીટીના માધ્યમથી તેમના ખાતામાં આપવાની તૈયારીઓ ચાલી રહી છે સુત્રોનું કહેવુ છે કે આ સંબંધમાં ટુંક સમયમાં મુખ્યમંત્રી તેની જાહેરાત કરી શકે છે.ટેબલેટ ખરીદ માટે જે સમિતિની રચના કરવામાં આવી હતી તેમાં સચિવ



માધ્યમિક શિક્ષા બી વી આર સી પુરૂષોતમ,શિક્ષા મહાનિદેશક બંશીધર તિવારી,નિદેશક માધ્યમિક શિક્ષા સીમા જૌનસારી,નિદેશક ઉચ્ચ શિક્ષા ડો પી કે પાઠ વગેરે અધિકારીઓ સામેલ હતાં.

વિધાનસભામાં કોંગ્રેસ વિધાનમંડલ પક્ષના ઉપ નેતા કરન માહરાએ ટેબલેટ ખરીદમાં કૌભાંડની આશંકા વ્યકત કરી હતી.તેમણે કહ્યું હતું કે જે કંપની અને મોડલના ટેબલેટ ખરીદવામાં આવી રહ્યાં છે તે ઓનલાઇન નવ હજાર રૂપિયા સુધી ઉપલબ્ધ છે કેટલાક અન્ય ખર્ચને જોડી આ હદમાં હદ ૧૨ હજાર રૂપિયા સુધી મળી જાય પરંતુ ખરીદના નામ પર સરકાર પ્રતિ ટેબલેટ ૧૬ હજાર રૂપિયા ખર્ચ કરી રહી છે તેમણે કહ્યું હતું કે આ સમગ્ર પ્રકરણમાં એક મધ્યસ્થની ભૂમિકા છે જે મોટા લોકોની નજીક છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




## NOG.SS No: 0099

વિષય સાસરીયું ને પિયરિયું
પ્રકારઃ પદ્ય

સાસરિયામાં સુખ મને મળ્યું ઝાઝેરું,
પિયરયું છે હવે મારાથી ઘણું આઘેરું,
હો રાજ! મને પિયરિયું નથી ગમતું.
કંથ મળ્યો સદનસીબે મને સખા સમાન,
સંભાળીએ સમજદારીથી ઘરની કમાન,
પ્રેમની દોરી લાંબી રાખી, વિવાદની ટૂંકી,
માગીએ ભૂલની માફી, પરસ્પર ઝૂકી,
હો રાજ! મને પિયરિયું નથી ગમતું.
સંબંધોમાં હૂંફથી વિશ્વાસને વાવીએ,
સાહસના પગથિયે, સૌને વધાવીએ,
શ્વસુરપક્ષનો 'અહો' પ્રેમ મળ્યો અમાપ,
સ્નેહની શાતા થકી, થયો દૂર સંતાપ,
હો રાજ! મને પિયરિયું નથી ગમતું.

ભાવનાબેન મિસ્ત્રી "અભય" વલસાડ

---

## NOG SS NO/0022

વિષયઃ સાસરિયું - પિયરિયું
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ કોશોટો

પિતૃગૃહે મુક્ત પતંગિયાની જેમ ઉડતી રહેતી અને પંખીડાની જેમ? કલરવ કરતી અલકા શ્વસુરગૃહે પહોંચતાં જ એકદમ શાંત થઈ ગઈ. પંદર દિવસ થઈ ગયા હતા, પણ ન જાણે કેમ અલકાને ત્યાં ગોઠી રહ્યું નહોતું.

લગ્ન પહેલાં તેની નણંદ પ્રિયાના લગ્ન વખતે બે દિવસ માટે રહી ચૂકી હતી, પણ તે વખતે જે રીતે મુક્ત રીતે વર્તી શકતી હતી, એવું આ વખતે શક્ય બન્યું ન હતું. તે જાણે કોશોટોમાં પુરાઇ ગઈ હતી. તે ચાહીને પણ તેમાંથી નીકળી શકી નહી.

શરૂઆતમાં તેનાં સાસુ સરલાબેનને લાગ્યું કે ઘર બદલાયું છે, તેથી ગોઠવાતાં વાર લાગશે અને તત્સમ સાથે હનીમૂન ઉપર જઈ આવશે એટલે સામાન્ય થઈ જશે. તે પોતે પણ ક્યારેક વહુ બનીને આવ્યાં હતાં, પણ તેમની આશા ઠગારી નીવડી, હનીમૂન માટે વીસ દિવસ માઉન્ટ આબુ જઈ આવ્યા પછી પણ અલકાના મનની ભીતી દૂર ન થઈ.

તેને હર ક્ષણે બીક સતાવતી રહેતી કે તેનાથી કોઈ ભૂલ થશે એટલે તરત પિયર પાછી મોકલવામાં આવશે, તેની બહેનપણી સાગરિકા પણ આ રીતે જ તો સાસરેથી પાછી આવી હતી. તેની બહેન દિપ્તીને પણ એક બે વાર તેની ભૂલ માટે સાસરેથી પાછી મોકલી હતી અને તેને મમ્મી-પપ્પાએ ખખડાવી હતી.

તે બહુ સંયમ અને કાળજીપૂર્વક સાસરે વર્તી રહી હતી. તે દિવસભર કામ કરતી રહેતી અને સાસુ સસરા કંઈ પૂછે તો ફક્ત હા કે ના અથવા માથું હલાવીને જવાબ આપતી. સરલાબેન પણ મુંઝાવા લાગ્યા. અંતે તેમણે પોતાના પતિ સાથે ચર્ચા કરીને અલકા સાથે વાત કરવાનું નક્કી કર્યું.

તેમનો દીકરો અને પતિ કામ ઉપર ગયા પછી અલકાને પાસે બેસાડી અને માથે હાથ ફેરવીને પૂછ્યું, "બેટા, અહીં તને કંઈ ખૂટે છે? તું આમ દબાઈને કેમ રહે છે? મેં તને તત્સુ માટે તારો મુક્ત સ્વભાવ જોઈને પસંદ કરી હતી."

આંખમાં આંસું સાથે અલકાએ કહ્યું, "હું મારાથી બનતો પ્રયત્ન કરું છું, પણ મારાથી કોઈ ભૂલ થઈ જાય કે કંઈ બોલાઈ જાય તો મારે પિયર જવું પડશે." તે પછી સાગરિકા અને દિપ્તી સાથે થયેલ ઘટનાઓની વાત કરી.

સરલાબેને લાગણીસભર અવાજમાં કહ્યું, "મારા માટે તું વહુ નહીં મારી દીકરી જ છે, પ્રિયાની જેમ. હવે પ્રિયા તો સાસરે ગઈ અને તું જો દીકરીની જેમ નહીં રહે અને ભૂલો નહીં કરે તો કોની સાથે ઝગડીશ."એટલું કહીને હસી પડ્યાં અને અલકા પણ. તેના મનની આસપાસનું આવરણ દૂર થઈ ગયું હતું. કોશોટોમાંથી પતંગિયું બહાર નીકળ્યું હતું.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

## NOG SS NO :004

વિષયઃ પિયરિયું સાસરિયું
શબ્દઃ ૨૪૭
શિર્ષકઃસહિષ્ણુતા

સહિષ્ણુતા.

પિયરમાં તો દરેક બાળકી પ્રેમ જ પ્રેમ પામે . ઘણીવાર પિયરમાં મળતાં લાડકોડ દીકરીઓને સાસરિયામાં નથી મળતાં. દીકરી તો દરેક જગ્યાએ અનુકૂળ થઈ રહેવા લાગે.મારી જિંદગીમાં પણ ખૂબ ખૂબ લાડ કોડ મળ્યાં. મોટી થતી ગઈ ને ભણતરનાં પગથિયા ચઢતાં ચઢતાં એમ.એ પૂરું થવાને આરે જ હતું ને ભણતાં ભણતાં અંતિમ તબક્કે ફરી જિંદગીએ વળાંક લીધોને સ્કૂલમિત્રને ભૂલી ,માપાપાની પસંદગી પર મહોર વાગીને મુંબઈનાં સારા ઘરમાં વિદાઈ થઈ.પરીક્ષા બાકી હતીને ,સપનું પણ બાકી હતું ને શુ થશે નો વિરાટ પ્રશ્ન પણ..!

મિલન સારા મિત્ર બન્યાં પણ હક કરનાર પતિદેવ..પરીક્ષા શબ્દ બોલવા જાઉ ને વાક્યરચનાને પૂર્ણવિરામ.શું જરૂર છે?નોકરી કયા કરવી છે??વગૈરે..માબાપ જેવા સાસુસસરા મળ્યા હતાં.બધુ સુખ પણ ભણતર રખડી પડશે.!કિનારે પહોંચેલી નાવ ડૂબી જશે?ને એક દિવસ "★સહિષ્ણુતા★ તૂટી ગઈ જે બે વરસથી પડેલી તકલીફો ને સંઘર્ષ યાદ આવતા અશ્રુ રૂપી વહેવા લાગ્યાં.પિતાતુલ્ય સસરાની અનુભવી આંખો સમજી ગઈને તેઓ એ પરીક્ષા આપવા જવા માટે વિમાન ની ટિકિટ કઢાવીને પતિદેવના અબોલા લઈને પંદરદિવસમાં આવનાર અંતિમ પરીક્ષાને સર કરવા પહોંચી ગઈ.

ધન્ય એ તાતને જેણે સસરા નહિ પિતા બની મારી સહિષ્ણુતા ને સમજીને મને મારા જીવન સાથે જોડી દીધી..એજ
પિતાતુલ્ય સસરાએ પછીના વરસોમાં મને દ્રઢને મક્કમ બનાવીને મિલનના રથની સારથી બનવાનું શીખવી ગયા.માની ભણાવાની સહજતા ને સસરાની દ્રઢતા મને આખરે એમ.એ. પાસ કરવામાં અને સાહિત્યને કલમની સંગી બનાવી દીધી.

આમ પિયરિયું ને સાસરિયું કોઈ રીતે જુદા નહોતા રહ્યાં , દીકરી જો ગયેલા ઘરને પોતાનું માને તો આ બન્ને શબ્દો જિંદગીમાં વહેતા સમયમાં ઓગળી જાય ને મીઠા સંભારણા લઈ દીકરી જીવનને જીવી જાય.

પિયરની વાટ
વિસરી જઈ,
સાસરરિયું કરે,
નિજનું સુતા,
સુખ પામે તે.

જયશ્રી પટેલ

---

## : NOG. SS.NO:-0032

વિષયઃ-સાસરિયું પિયરિયું
શીર્ષકઃ- દીકરી સાસરિયે ચાલી

લાગણીના બંધનમાં બાંધી
દીકરી સાસરીયે ચાલી.
જવાબદારીઓ પાલવે બાંધી
દીકરી સાસરિયે ચાલી.
ભાઇબહેનનું હેત સાથે બાંધી,
દીકરી સાસરિયે ચાલી.
સખીઓની પ્રીત સાથે બાંધી,
દીકરી સાસરિયે ચાલી.
મા બાપુનું ઋણ સાથે બાંધી,
દીકરી સાસરિયે ચાલી.
સબંધીઓનો પ્યાર સાથે બાંધી,
દીકરી સાસરિયે ચાલી.
સંસ્કારનું પોટલું સાથે બાંધી,
દીકરી સાસરિયે ચાલી.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

## NOG SS NO :0077

વિભાગઃગદ્ય, મૌલિક
વિષયઃસાસરિયું/પિયરિયું
શબ્દઃ૩૭૫
શીર્ષકઃપુત્રથી વધુ

આ બહુજ ગુંચવણભર્યો વિષય છે.એમાં બંને અથવા બેમાંથી એકની મૂલવણી કરવી ઘણી અઘરી છે.

આમતો આ સાસરીયું શબ્દ તો દીકરી- દીકરાબંને માટે વપરાય ,પણ પિયરીયું ફક્ત અને ફક્ત દીકરીને જ મળે કે લાગુ પડે...!એવું કેમ એ હજુ મને નથી સમજાયું...!!

સાસરિયું આ શબ્દ દીકરી અને દીકરા બંનેને માટે વપરાતો શબ્દ છે.

પણ દીકરી સંદર્ભે બહોળા પરીવેશમાં વપરાય છે એ વાત જ સાવ જુદી છે.

ખાસ કરીને આપણી ભારતીય સંસ્કૃતિમાં તો ખાસ. અહીંપુરુષ પ્રધાન સમાજે કે જેમાં મોટા ભાગનાં નીતિ નિયમો એમણે જ ઘડ્યાં હશે એટલે એનો સ્વીકાર કરે રાખવો અને એને પોષવો એ આપણી કહેવાતી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ બની ગયો છે.એનો વિરોધ કરવો કે કરાવવો એ કદાચ અહીં અસંસ્કારીતામાં ખપે છે.

સાસરીયાંનો સ્વીકાર એનાં રીતિરીવાજો બધું જ વહુઓ દીકરીઓ માટે જ કેમ?

એક જગ્યાએ નાનપણથી બીજરુપે અંકૂરીત થઈ સરસ વટવૃક્ષ બની હોય અને એ સરસ રીતે ફાલેલાં વૃક્ષને આખેઆખાં મૂળ સમેત ધરાર ઉખેડી બીજે ઠેકાણે રોપી દેવાનું અને એમાંય એને ત્યાં ફરીથી પનપવાનો સમય અને સ્થિતિ અનુકૂળ થાય એટલી પણ રાહ નહીં જોવાની..?!

આ ક્યાંનો ન્યાય..?

સમજો , કુદરત અને પ્રકૃતિ પણ એનાં સર્જનને માવજત અને હૂંફથી જાળવી સંવર્ધન કરે છે.એને જોઈતો સમય આપે છે તો આપણે કેમ નહીં...?

દીકરીની સાસરીનાં લોકો,એમનાં રહેણી કરણી એમનાં સ્વભાવ જોડે સમાયોજન સાંધે એટલી તો ધીરજ તો સાસરી વાળાએ રાખવી જ પડે...!

હાલમાં તો દીકરીઓ આગળ ભણતી હોય છે એમની કારકિર્દી માટે પણ એટલી જ સચેત હોય છે એટલે એમની પોતાનાં ભવિષ્યને માટે પણ એમને મદદરુપ થવું એ સાસરીયાંઓની ફરજ બનવી જોઈએ.

તમે જેવું વાવશો એવું જ લણશો..!

ઈશ્વરે દરેક દીકરીઓમાં અખૂટ ધીરજ, સહીષ્ણુતા ,સંવેદના,સમજણ,હિંમત અને હોશિયારી લખલૂંટ આપી જ હોય છે.આ બધાં જ ગુણોને એ ધરબી રાખતી હોય છે .કોઈએક ચિનકારી એને આ બધાં ગુણોથી પરિચય કરાવતી હોય છે.

આ ચિનગારીઓ પ્રગટાવવાનું કામ આપણાંમાંથી કોઈ એકે કરવું જ પડે છે.હાલમાં પણ ઘણાંય સાસરીયાઓ એવાં આપણાં સહુ વચ્ચે મોજુદ હજુય છે જેઓ એમની વહુઓને વિકસવા માટે મોકળું મેદાન આપે છે.

ધન્યવાદ એવાં સાસરીયાઓનો..!

સમાજનાં એકેએક વ્યક્તિઓને મારી નમ્ર અપીલ છે તમારાં ઘરે આવતી પુત્ર વધુ કોઈની દીકરી જ છે ,એનાં માવતરે ઘણાં માવજતથી જતનથી ઉછેરીને તમને સુપ્રત કરી છે તો એને પુત્રથી વધુ ગણી પ્રેમ આપી તો જુઓ..!

વ્યક્તિગત વિભિન્નતાઓ તો ખુદનાં પરીવારમાં પણ ક્યાં નથી હોતી ?

તો આ તો આખેઆખું બાકીનું જીવતર તમારી સાથે વિતાવવાં આવી છે .થોડીક એને સમજો,એને સમય આપો ,પ્રેમ આપો એનો સહજ સ્વીકાર કરો..!

આફ્ટરઓલ તમારી કે તમારાં દીકરાની જ પસંદગીનો સવાલ છે..!!!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

## NOG SS NO/0044

વિષયઃ- પિયરિયું સાસરિયું
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- હસ્તમેળાપ.

મહિયરમાં લાડકોડથી ઉછરેલી દીકરી એટલે મહિયરનાં ઉપવનની કળી. પ્રેમ અને હેતથી સિંચેલી આ કળી નવજીવનની કેડી કંડારવા શરમાતી શરમાતી માંડવડે પધારે અને પિયુનાં હાથમાં હાથ મૂકીને હસ્તમેળાપ થાય.

હસ્તમેળાપ થતાં જ દીકરી જાણે કળી મટી ફૂલ થઈ જાય અને પિયુ સંગ સ્વગૃહે પ્રયાણ કરે. સાસરીમાં ફુલરૂપી પુત્રવધૂ બની સાસરું મહેકાવે.

લગ્ન કરી દીકરી પિયરનાં સંસ્કારો થકી સારૂં દિપાવે.આવી દીકરી પિયરથી દૂર છતાં □દયથી પિયર સાથે જ હોય.


પ્રસંગોપાત જ દીકરીથી પિયર જવાય એવું નહીં પરંતુ ઈચ્છા થાય ત્યારે પિયર જઈ શકે એવાં સાસરિયાં હોવા જોઈએ.

દીકરી દૂર રહીને પણ પિયરનું ક્ષેમ કુશળ જ ઈચ્છે એટલે જ તો લગ્ન પછી ભીંતે કંકુનાં થાપા દઈ આશીર્વાદ રૂપી છાપ મૂકી જાય અને સંદેશો આપે કે હું ક્યારેય તમારાથી અળગી થતી નથી.હું તો હંમેશની તમારી સાથ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

એક ગુલાબનું ફૂલ ખીલે ડાળ પર
એમ સાવ સ્વાભાવિક મરું છું તારી પર
રાતે જેમ ચંદ્ર ખીલે સવારે જેમ સૂરજ ઉગે
એમજ સાવ સ્વાભાવિક ચાહું છું હું તને
વસંત ઋતુમાં જેમ ખીલેછે પ્રકૃતિનું સૌંદર્ય
તને જોઉં ને સાવ સ્વાભાવિક ખીલું છે એ રીતે
જેમ હરિદર્શને જતાં હરખ થાય છે
તું મળે ને સાવ સ્વાભાવિક હૈયે હેત ઉભરાય છે
ક્રિષ્ન મને હમેંશા મારો લાગે છે
તને જોતાં જ સાવ સ્વાભાવિક થયું
તું ભવોભવથી સાથે લાગે છે
જો આ પ્રેમ છે તો હાં મને તારી સાથે પ્રેમ છે



હસુમતિ ચૌહાણ -(ગાંધીનગર )

---

## તમારી યાદ

આમ ક્યાં કોઈ દિવસ તમે યાદ આવ્યાં છે
અચાનક કેમ સાવ નજદીક આવવા લાગ્યા છે.
તમારી યાદમાં હવે તો ઉજાગરા થવા માંડ્યા છે.
સમી સાંજે સુનારા પણ પરોઢ સુધી
જાગવા મંડ્યા છે.
હવે તો રાતોની મહેફિલમાં પણ
જવા માંડ્યા છે.
વિષય ની નથી ગતાગમ તો યે
બેફામ બોલવા લાગ્યા છે.




ઘનશ્યામ વ્યાસ (મુંબઈ )

---

## દડદડ ઝૂમખડું.

ડમરી ચઢ્યાની વેળા કે રજ રજ ઝૂમખડું,
હું એકલ મારી ભેળા ને દડ દડ ઝૂમખડું !
આંખોથી વિંઝીને દરિયો ના માર
મારે પૂરવના ચકરાતા વિંઝણા ચોધાર
હું છંટાઈ કવેળા ને જળ જળ ઝૂમખડું...
ડમરી ચઢ્યાની વેળા કે જળ જળ ઝૂમખડું !
દાટ્યા ડુસ્કાં ને ફૂટી ડૂખ ને ગરી એક લીબોળી રે બૈ !
દરિયે એકલ ભાળી હોડકી ને જળમાં ઝબોળી રે બૈ !
મારે પળ પળ જળના ઝમેલા કે હર પળ ઝૂમખડું,
હું એકલી મારી ભેળા ને દડ દડ ઝૂમખડું!



પરેશ દવે
(આણંદ )

---


# લોકોને જાણી જોઈને ગરીબ રહેવા દેવાયા, જેથી વોટબેંક જાળવી શકાય : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૧૯

દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ રવિવારે વિશ્વ કાયસ્થ મહાસંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાના સંબોધનમાં અગાઉની સરકારો, રાજકીય પક્ષો પર નિશાન સાધ્યું હતું.દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દેશની ગરીબી નાબૂદ થઈ શકી હોત, પરંતુ જાણી જોઈને લોકોને ગરીબ રહેવા દેવામાં આવ્યા જેથી વોટબેંક જાળવી શકાય. તેમણે કહ્યું કે, આ વખતે સરકારી શાળાઓનું પરિણામ ૯૯.૭ ટકા આવ્યું છે. ૨.૫ લાખ બાળકોએ ખાનગી શાળાઓમાંથી પ્રવેશ કાપીને સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે શાળાઓ સારી બની શકે છે તો ૭૦ વર્ષમાં કેમ ન બન્યા? દેશ ગરીબ રહે તે માટે તેઓએ જાણી જોઈને શાળાઓને ઠીક કરી નથી. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'હું વિચારતો હતો કે આજનો કાયસ્થ મહાસંમેલન છે અને તમે મને મુખ્ય અતિથિ બનાવ્યો છે, જૂના સમયથી દેશનાં નિર્માણમાં કાયસ્થ સમાજનું યોગદાન રહ્યું છે, અધિકારીઓ પણ વધુ કાયસ્થ છે, દેશને ચલાવનાર કાયસ્થ સમુદાયનાં લોકો છે. પાછલી સરકારો પર નિશાન સાધતા કેજરીવાલે કહ્યું કે, ૭-૮ વર્ષનો અનુભવ જણાવે છે કે દેશની સંસ્થાઓને જાણી જોઈને પાછળ રાખવામાં આવી છે, અમે ૬ વર્ષમાં સરકારી શાળાઓની હાલત સુધારી છે, ૨.૫ લાખ અમીરોએ પોતાના બાળકોનાં એડમિશન કરાવ્યા છે. તેમણે કહ્યું, આવું પહેલા પણ થઈ શક્યું હોત પરંતુ જાણી જોઈને લોકોને ગરીબ રાખવામાં આવ્યા જેથી તેઓ વોટબેંક બની રહે, ખાનગી શાળાઓ માટે સરકારી શાળાઓ બગાડી, આ માટે આપણે દેશવ્યાપી અભિયાન ચલાવવું પડશે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું કે, સરકારી હોસ્પિટલોની પણ આવી જ હાલત હતી, હવે આ હોસ્પિટલો ખાનગી હોસ્પિટલોને સ્પર્ધા આપી રહી છે.

---

સાગર કિનારે સોનેરી રેતમાં
થોડા શબ્દો ચિતર્યાનું યાદ છે
મહેલ ચણ્યાં.. મિનારા રચ્યા..
થોડા શમણાંઓ જોયાનું યાદ છે
વર્ષો વિત્યા.. અરસાઓ થયા..
થોડા મોજાઓ પકડ્યાનું યાદ છે
સરકતા અક્ષરોને સાચવી પોતમાં
થોડા સંવાદો સંઘર્યાનું યાદ છે
થોડા પલળ્યા.. થોડા પલટાયા..
જીવતર તર્યાનો આ સાદ છે
ઘર ઘર રમ્યા તારા ચળકતા તટમાં
શૈશવને સર્જ્યાનો આ સાદ છે
બાળપણ ગયું.. બા પણ ગઈ..
થોડા છીપલાઓ વીણ્યાંનું યાદ છે
ખજાના પથરાયા અતીતના પટમાં
થોડા લાડકોડને કોતર્યાનું યાદ છે
મોટા થયા.. મહાલતા થયા..
થોડા પગલાંઓ છોડયાનું યાદ છે
ઢળતી સાંજે દીવાની જ્યોતમાં
તેમાં થોડી લકીર ખેંચ્યાનું યાદ છે
કોઈ ખેદ નથી.. ફરિયાદ પણ નથી..
સાગર સાખે જીવ્યાની આ 'દાદ' છે
સલોણી સાંજ આંજીને આંખમાં
થોડું 'તેજપુંજ' પામ્યાની આ 'દાદ' છે



ફાલ્ગુની મહેતા
(મુંબઈ )

---

# MORMUGAO, INDIAN NAVY'S SECOND SHIP OF THE PROJECT 15B, SAILS FOR MAIDEN SEA TRIALS ON GOA LIBERATION DAY

Ahmedabad, Sunday, 19 December 2021

Mormugao, Indian Navy's second indigenous stealth destroyer of the P15B class, planned to be commissioned in mid 2022, proceeded on her maiden sea sortie today. 19th December is perhaps the most befitting date for the ship to put to sea as today the nation celebrates 60 years of Goa`s liberation from Portuguese rule. The Indian Navy played a pivotal role in the liberation and dedicating the ship's name to the maritime state of Goa will not just enhance the bonding between the Indian Navy and the people of Goa, but also link the ship's identity permanently to the crucial role the Navy played in nation-building.



Mormugao is being built at Mazagon Dock Shipbuilders Ltd (MDSL) as part of the Project 15B destroyers. The ship incorporates several niche indigenous technologies and is a shining example of Atma Nirbhar Bharat. She has provided thrust and impetus to the 'Make in India' initiative.

Mormugao will add significantly to the Indian Navy`s combat capabilities. With the recent commissioning in November 2021 of INS Visakhapatnam and the fourth P75 submarine INS Vela, commencement of sea trials of Mormugao is testimony to the cutting-edge capabilities of MDSL and the strong indigenous shipbuilding tradition of a modern and vibrant India.

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સિદ્ધ કરવા અંગે સંવાદ યોજાયો

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત મધ્ય વિભાગનો સ્નેહમિલન સમારોહ

લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત મધ્ય વિભાગના સ્નેહમિલન સમારોહમાં રાજ્યના ઉદ્યોગકારોને સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન છે, જેમાં MSME સેકટર ગુજરાતના અર્થતંત્રની બેકબોન છે. ભારતના ઉદ્યોગો ખાસ કરીને સ્જીસ્ઈજ વિશ્વ સાથે કદમ મિલાવીને ચાલવા સક્ષ્મ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીઓના લોહીમાં જ વેપાર-વણજ ઉદ્યોગ-કૌશલ્ય વણાયેલા હોવાનું કહીને, રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં લઘુ-મધ્યમ-મોટા કદના એમ હરેક ઉદ્યોગોનું વિશેષ યોગદાન રહેલું છે તેમ જણાવ્યું હતું. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૩થી શરૂ કરાયેલી વાયબ્રન્ટ સમિટનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, વાયબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે ગુજરાતની ઔદ્યોગિક વિકાસ યાત્રા વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

તેમણે કહ્યું કે, શ્રેષ્ઠ માળખાકીય સગવડો, ગુડ ગર્વનન્સ, ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ અને ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી પોલિસીસને પરિણામે ગુજરાત આજે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યુ છે, જેમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો સિંહફાળો રહેલો છે. તેમણે વધુમાં કહ્યું કે, રાજ્યના સ્જીસ્ઈ સેકટરમાં ૮ લાખ ઉદ્યોગો લાખો લોકોને રોજગારી પૂરી પાડી રહ્યા છે. કોવિડ-૧૯ મહામારીને કારણે વિશ્વમાં મોટાભાગના દેશોમાં ઉદ્યોગ, વેપાર અને અર્થતંત્રોને વિપરીત અસર પડી છે. કોવિડની વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ ગુજરાતમાં નાના ઉદ્યોગ, MSME માટે રાજ્ય સરકારે ક્રાંતિકારી નિર્ણયો લઇ નાના ઉદ્યોગોને જાળવી રાખ્યા છે. MSMEની સ્થાપના માટે જુદી-જુદી મંજૂરીઓ મેળવવામાંથી ૩ વર્ષની મુક્તિ અને પહેલાં પ્રોડકશન પછી પરમિશનનો અભિગમ અપનાવી સરકાર સ્જીસ્ઈને પ્રોત્સાહિત કરી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

લઘુ ઉદ્યોગ ભારતીની વિવિધ સેમિનાર અને કાર્યક્રમો દ્વારા નાના એકમો શરૂ કરવા માટે માહિતી અને પ્રોત્સાહન પુરૂ પાડવાની કામગીરીને મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરી હતી. લઘુ ઉદ્યોગ ભારતી દેશમાં સંશોધિત થયેલ ટેકનોલોજીને નાના ઉદ્યોગો સાથે જોડવાનું પણ ખુબ મહત્વનું કામ કરી રહી હોવાનું મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે જણાવ્યું કે, એમ.એસ.એમ.ઈ ની તમામ યોજનાઓ ઉદ્યોગકારો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે. આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત સૂત્રના પ્રણેતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જાન્યુઆરી મહિનામાં દસમી વાઈબ્રન્ટ સમિટનું આયોજન થવા જઈ રહ્યું છે.




આ વાઈબ્રન્ટ સમિટને સફળ બનાવવા અને દેશ-વિદેશના રોકાણકારો - ઉદ્યોગકારોને રોકાણમાં પડતી તમામ મુશ્કેલીઓ, મૂંઝવણો દૂર કરવા રાજ્ય સરકાર કૃત સંકલ્પ છે.

પૂર્વ ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજાએ આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત બનાવવા લઘુ ઉદ્યોગ મહત્વનો આધાર હોવાનું આ પ્રસંગે જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે ત્યારે વાઈબ્રન્ટ સમિટના આયોજન થકી રાજ્યમાં રોજગારી અને રોકાણમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો હોવાનું તેઓએ ઉમેર્યુ હતું.

આ સ્નેહ મિલન સમારોહમાં લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી પ્રકાશચંદ્રજી, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી બળદેવભાઈ પ્રજાપતિ, લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝા તેમજ લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી શ્યામસુંદર સલુજા સહિત રાજ્ય અને દેશના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતને નશા મુક્ત રાખવા રાજ્ય સરકાર કટિબદ્ધ - મુખ્યમંત્રીશ્રી

# ગોદરેજ ગાર્ડન સિટી યુથ કલબ દ્વારા 'Say no, to drugs' અવેરનેસ વોકેથોન યોજાઈ

## ‘વ્યસન મુક્ત ગુજરાત, વ્યસન મુક્ત ભારત‘ ના ધ્યેય સાથે રાષ્ટ્ર સેવામાં જોડાવા યુવાનોને મુખ્યમંત્રીશ્રીનું આહવાન...

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે આપણો દેશ વિશ્વનો સૌથી યુવા દેશ છે.યુવાનો રાષ્ટ્રની ધરોહર છે ત્યારે આ યુવાનો નશાના પગલે બરબાદ ન થાય તે જોવાની આપણી સૌની ફરજ છે. ‘વ્યસન મુક્ત ગુજરાત, વ્યસન મુક્ત ભારત‘ ના ધ્યેય મંત્ર સાથે યુવાનો રાષ્ટ્ર સેવામાં જોડાય તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું....



મુખ્યમંત્રીશ્રીએ આજે અમદાવાદ ખાતે ગોદરેજ ગાર્ડન સિટી યુથ કલબ દ્વારા 'say no, to drugs' થીમ પર યોજાયેલી અવેરનેસ વોકેથોનને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નશાના કારણે બરબાદ થતા યુવાધનને બચાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.. ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા અનેક મહિનાઓથી ડ્રગ્સ્જિને રાજ્યના ખૂણે ખૂણેથી બહાર કાઢવા માટે પરિણામ લક્ષી કામગીરી કરી રહી છે, એટલું જ નહીં ડ્રગ્સ પેડલરના નેટવર્ક પર પણ નાબૂદ કરી રહી છે.. તે જ પુરવાર કરે છે કે રાજ્ય સરકાર આ મુદ્દે કટિબદ્ધ છે. શિયાળાની આ ઋતુમાં સ્વાસ્થ્ય જાળવણી ના હેતુ સાથે યોજાયેલી વોકેથોનને બિરદાવતા મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે દેશની યુવા શક્તિને યોગ્ય માર્ગે વાળવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સંકલ્પ બદ્ધ છે તેમના આ સંકલ્પને સાકાર કરવા આપણે સૌએ સહિયારા પ્રયાસ કરવા જરૂરી છે.. ગુજરાત ગાર્ડન સિટી યુથ કલબ દ્વારા યોજાયેલ આ અભિયાનને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યું હતું.. નશામુક્ત ગુજરાતના નિર્માણ માટે સંકલ્પબધ્ધ રાજ્ય સરકારની કામગીરીનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં ડ્રગ્સ કે નશાની કોઈપણ પ્રવૃત્તિ ચલાવી નહીં લેવામાં આવે.. આ પ્રસંગે વ્યસન મુક્તિ ના બેનરો સાથે રેલી સમગ્ર ગાર્ડન સિટી માં ફરી હતી

આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, યુવા અગ્રણી શ્રી ઋત્વિજ પટેલ, સંયુક્ત પોલીસ કમિશનર પ્રશાંત કોરાટ, ગોદરેજ ગાર્ડન સિટીના ચેરમેન શ્રી ભરત પટેલ, હોદ્દેદારો, યુવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...



આજે પૂનમના દિવસે ભગવાન શામળીયાના શામળાજી ખાતે દર્શનનો લાભ તો મળ્યો સાથે સાથે દીવ દમણના એડમિનિસ્ટ્રેટર અને ગુજરાત સરકારના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી માનનીય શ્રી પ્રફુલભાઈ પટેલ અને ગુજરાત સરકારના માજી ગૃહ રાજ્યમંત્રી માનનીય શ્રી પ્રદીપસિંહજી જાડેજા ને આવકારવાનો લાભ મળ્યો

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપના માજી પ્રમુખ રણવીરસિંહ ડાભી .નરેન્દ્રભાઈ પટેલ. અને મહેશભાઈ પટેલ બુટાલ હિરાભાઈ પટેલ હાજર રહ્યા

# ભારત માતા અભિનંદન સંગઠન( હરિયાણા) ગુજરાત દ્વારા ૩૦૦ થી વધુ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા

સામાજિક કાર્યકર, સાહિત્યકાર, અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર ૩૦૦ થી વધુ વ્યક્તિઓને ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા તેઓને સન્માનિત કરવા માટે નો કાર્યક્રમ ઝૂમ પર ઑન લાઈન યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં સરસ્વતી વંદના ડૉ મનીષા ગીરી દ્વારા કરવામાં આવી હતી ત્યાર બાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો

આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પી ડી મિત્તલ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા ઉપસ્થિત રહ્યા હતા અને ભારત માતા અભિનંદન સંગઠન દ્વારા ૧૧ મી સપ્ટેમ્બરે અભિનંદન દિવસ તરીકે ઉજવવા મા આવે છે સ્વામી વિવેકાનંદ જી એ શિકાગોમાં માર્મિક ભાષણ આપ્યું હતું તે દિવસ ને અભિનંદન દિવસ તરીકે ઉજવવા મા આવે છે તેની માહિતી આપી હતી તથા ૨૬ ડિસેમ્બર ના રોજ બાલ બલિદાન તરીકે ઉજવવામાં આવશે તેની જાણકારી આપી હતી

આ કાર્યક્રમ માં વિશિષ્ટ અતિથિ તરીકે ડૉ મંજુ રાની દિલ્લી, પ્રોફેસર ડૉ ઘનશ્યામ ભારતી શાસકીય મહા વિદ્યાલય ગઢા કોટા સાગર મધ્ય પ્રદેશ, શ્રી શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ, ડૉ જયંતિ લાલ બારીશ ડાંગ આહવા તથા શ્રીમતી રીતુ ગર્ગ રાજ્ય પ્રભારી વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અતિથિ ઓનું શાબ્દિક સ્વાગત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં શ્રીમતી રીતુ ગર્ગ દ્વારા ભારત માતા અભિનંદન સંગઠન ની કાર્ય પધ્ધતિ ની જાણકારી આપી હતી અને આશા વ્યક્ત કરી હતી કે ૧૧ સપ્ટેબર ને અભિનંદન દિવસ તરીકે સરકાર માન્યતા આપશે.

ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભારત માતા અભિનંદન સંગઠન સાથે લોકો એ મોટી સંખ્યામાં જોડાઈ દેશ ભાવના યુવાનો માં અને આમ નાગરિકો મા પ્રબળ બને તે માટે સહયોગ આપવા વિનંતી કરી હતી

આ કાર્યક્રમ નું સંચાલન હિમાંશુ જહા દ્વારા કરવામાં આવ્યું હતું અને અંત માં સૌ અતિથિઓ અને મંચ પર ઉપસ્થિત સૌ સન્માનિત સદસ્યો નો આભાર વ્યક્ત કર્યો હતો

ડૉ ગુલાબચંદ પટેલ



BAPS પ્રમુખસ્વામી સ્વામિનારાયણ મંદિર ખોડાઢર.રાધાકુંડ રોડ ડાકોર ખાતે નવોદિત પર્ષદો તેમજ કોઠારી ઓ પધાર્યા હતા.જ્યાં ગૌશાળા માં સુંદર રીતે ગાયો ને પોષણ આપવામાં આવી સાચવવામાં આવે છે..સંતો,પાર્ષદ,કોઠારી ઓ સૌ સાથે રણછોડરાયજી મંદિર ની મુલાકાત લઈ પ્રસાદ લીધો હતો.અને ગોમતી મળી નુભળ માથે ચઢાવ્યું હતું.મંદિર ચોફેર રહેલ વેપારીઓ દ્વારા સંતો,કોઠારી ઓ ની મર્યાદા સચવાય તે માટે પોલીસ પ્રશાસન સહિત ખુબજ સાથ સહકાર આપ્યો હતો.ભવિષ્ય માં હવે યાત્રિકો ને રહેવા મટે ગેસ્ટ હાઉસ તેમજ જમવા માટે સુંદર × પ્રેમવટી ‘ નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

# અરવલ્લી : ચૂંટણીની કામગીરીમાં મૂકાયેલ મલેકપુર પ્રા.શાળાના આચાર્યનું નવા વેણપુર મતદાન મથકમાં હૃદયરોગના હુમલાથી મોત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં ૮૬૬૪ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ છે જેમાં મતદાન મથકો પર શિક્ષકો મતદાનની પ્રક્રિયા સંભાળી રહ્યા છે અરવલ્લી જીલ્લાના મલેકપુર પ્રાથમીક શાળાના આચાર્ય દિનેશભાઈ પરમારને નવા વેણપુર ગામના મતદાન મથક પર મદદનીશ પ્રીસાઈન્ડીગ ઓફિસર તરીકે ફરજ સોંપતા શનિવારે સ્થળ પર હાજર થઈ ગયા હતા ત્યારે રાત્રીના સમયે હૃદયરોગનો હુમલો આવતા આચાર્યને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ખસેડે તે પહેલા પ્રાણપંખેરું ઉડી જતા ચૂંટણીમાં ફરજ પર મુકાયેલ અધિકારીઓ અને કર્મચારીઓમાં શોકની લાગણી છવાઈ હતી ચૂંટણી ફરજના ગણતરીના કલાકો પહેલા શિક્ષકનું મોત નિપજતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તંત્રએ મતદાન પ્રક્રિયા યથાવત રાખી હતી અરવલ્લી જીલ્લાની મલેકપુર પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ પરમારની નવા વેણપુર ગામના મતદાન મથક પર મદદનીશ પ્રીસાઈન્ડીગ ઓફિસર તરીકે નિમણુંક થતા શનિવારે નવા વેણપુર મતદાન મથક પર ફરજ માટે હાજર થઇ ગયા હતા શનિવારે રાત્રીના સમયે હૃદયરોગનો હુમલો આવતા મતદાન મથકમાં જ શિક્ષકનું મોત થતા ભારે ચકચાર મચી હતી શિક્ષકનું હૃદયરોગ હુમલાથી મોત થતા શિક્ષણ આલમમાં ગમગીની છવાઈ હતી અધિકારીઓ અને પરિવારજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા

# ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ થી સમ્માનિત ડૉ ગુલાબચંદ પટેલ




અંતરરાષ્ટ્રીય કાવ્ય મંચ તન્જનિયા ના અધ્યક્ષ ડૉ મમતા સૈની દ્વારા સ્વાતંત્ર્ય સેનાની કે જેઓ એ આઝાદી માટે બલિદાન આપ્યું છે તે વીર યોધ્ધા વિશે હિન્દી માં કાવ્ય પ્રતિ યોગિતા ઝૂમ પર ઑન લાઈન ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ રાખવામાં આવી હતી

આ કાર્યક્રમ માં શ્રી ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક દ્વારા ખૂંદી રામ બૉસ સ્વાતંત્ર્ય સેનાની માટે પોતાની રચના નો વીડિયો પ્રસ્તુત કર્યો હતો સંસ્થા દ્વારા ડૉ ગુલાબચંદ પટેલ ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે પસંદ કરી તેઓનું નામ ગોલ્ડન બુક ઓફ રેકોર્ડ સંસ્થા ને મોકલી આપ્યું હતું એટલે ડૉ ગુલાબચંદ પટેલ ને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા છે.

ડૉ પટેલ ને ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શ્રી શૈલેષ વાણિયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે

# જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની અધ્યક્ષતામાં નદી મહોત્સવ અંગે સમીક્ષા બેઠક યોજાઈ




ગુજરાત સરકારે ૨૬ ડિસેમ્બર થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમિયાન “નદી મહોત્સવ” ઉજવવાનું આયોજન કર્યું છે. જેમાં અમદાવાદ ખાતે સાબરમતી નદી પર ચાર થીમ – સફાઈ, દેશભક્તિ, પ્રકૃતિ-પર્યાવરણ અને ભક્તિ-આધ્યાત્મિક અંગે કાર્યક્રમો યોજવા માટે આયોજન હાથ ધરાયું છે. આ સંદર્ભે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સંકલન- સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન સંકલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિશેષ કરીને સાબરમતી નદીની સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવા માટે સલાહ-સૂચના આપી હતી.

ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં ’આઝાદી કા અમૃત મહોત્સવ’ ની થઈ રહેલી ઉજવણી સંદર્ભે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા “River of India” થીમ પર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અહી નોંધપાત્ર બાબત એ છે કે ગુજરાતમાં ૩ મોટી નદીઓ પર નદી મહોત્સવ ઉજવવાનું આયોજન છે. જેમાં સાબરમતીના તટ પર અમદાવાદ ખાતે, નર્મદા નદીના તટ પર ગરૂડેશ્વર અને ભરૂચ ખાતે તેમ જ તાપીના તટ પર સુરત ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત કરવામાં આવશે.

આ સમીક્ષા બેઠકમાં રેસિડન્ટ એડિશનલ કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગમા બપોરે ૩ વાગ્યા સુધીમા નોંધાયુ અંદાજિત ૬૨.૨૨ ટકા મતદાન



આહવા : તા : ૧૯ :

આજે ડાંગ જિલ્લામા યોજાઈ રહેલા ૩૬ સરપંચ તથા ૩૨૬ સભ્ય પદના મતદાન વેળા બપોરે ૩ વાગ્યા સુધીમા અંદાજિત ૬૨.૨૨ ટકા મતદાન નોંધવા પામ્યુ છે.ડાંગ જિલ્લાના આહવા તાલુકામા ૧૩ પંચાયતોમા નોંધાયેલા ૧૮,૮૯૪ પુરુષ અને ૧૮,૮૯૭ સ્ત્રી મળી કુલ ૩૭,૭૯૧ મતદારો પૈકી બપોરે ૩ વાગ્યા સુધીમા ૧૦,૮૭૪ પુરુષ અને ૧૧,૧૫૦ સ્ત્રી મળી કુલ ૨૨૦૨૪ મતદારોએ મતદાન કરતા અહી ૫૮.૨૮ ટકા મતદાન નોંધાયુ છે તો વઘઇ તાલુકામા ૧૪ પંચાયતોમા નોંધાયેલા ૧૬,૫૯૧ પુરુષ અને ૧૬,૬૨૩ સ્ત્રી મળી કુલ ૩૩,૨૧૪ મતદારો પૈકી ૧૦,૯૮૪ પુરુષ અને ૧૧૨૫૭ સ્ત્રી મળી કુલ ૨૨,૨૪૧ મતદારોએ મતદાન કરતા અહી ૬૬.૯૬ ટકા, અને સુબિર તાલુકામા ૧૨ પંચાયતોમા નોંધાયેલા ૧૨,૫૦૯ પુરુષ અને ૧૨,૧૨૦ સ્ત્રી મળી કુલ ૨૪,૬૨૯ મતદારો પૈકી ૭,૬૬૭ પુરુષ અને ૭,૫૬૭ સ્ત્રી મળી કુલ ૧૫,૨૩૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અહી ૬૧.૮૫ ટકા મતદાન નોંધાયુ છે.

ઉલ્લેખનિય છે કે, ડાંગ જિલ્લામા આહવા તાલુકામા એક તથા વઘઇ તાલુકામા એક મળી કુલ બે પંચાયતો, આ અગાઉ જ બિન હરીફ જાહેર થઈ હતી.

સાથે અન્ય ૩ સરપંચો પણ બિનહરીફ થતા, અહી કુલ પાંચ સરપંચ, અને ૪૪ સભ્યો બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે. ત્યાર બાદ અહી ૩૬ સરપંચ તથા ૩૨૬ સભ્ય પદ માટે આજે શાંતિપૂર્ણ માહોલમા મતદાન થઈ રહ્યુ છે.આમ, જિલ્લામા સરેરાશ ૬૨.૨૨ ટકા મતદાન બપોરે ૩ વાગ્યા સુધીમા નોંધાઇ ચૂક્યુ છે

નરેન્દ્ર પવાર,આહવા ડાંગ

# અમદાવાદ જિલ્લામાં ૧૮ ડિસેમ્બરના રોજ ૪ હજારથી વધુ લોકોને રસી અપાઈ

અમદાવાદ જિલ્લા આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ૧૮ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લામાં કુલ ૪૯૯૪ નાગરિકોને રસી આપવામાં આવી હતી. જેમાં ૧૬૩ નાગરિકોને પ્રથમ ડોઝ, જ્યારે ૪૮૩૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામા આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કુલ ૭૧ સેશનમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લાના ૪૬૫ ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK